# કાળાઓનો ગોરો સેવક

– સુહાસી

વેપારીનો એક છોકરો.

બાપ વેપાર કરે, પણ ચાલે નહિ.

દસેક વરસનો છોકરો મીલમાં નોકરી કરવા જાય. સવારના છથી રાતના આઠ સુધી કાળી મજૂરી કરે. રાતની નિશાળમાં ભણવા જાય. મધરાત સુધી ચોપડીઓનું વાચન કર્યા કરે. બિચારી માથી છોકરાની દશા જોવાય નહિ.

છોકરો મોડે સુધી વાંચતો હોય, મા એના હાથમાંથી ચોપડી ઝૂંટવી લે, ત્યારે જ એ ઊંઘી જાય.

આમ નવ નવ વરસ સુધી એણે અથાગ મહેનત કરી. એને દાક્તર થવાનાં રોજ રોજ સમણાં આવે; પણ ગજવાં ખાલીખમ્મ. રજાઓમાં એ મજૂરી કરે. પૈસા ભેગા કરે. કૉલેજ ઊઘડે એટલે કૉલેજમાં જાય. મજૂરી કરી ભેગી કરેલી ફી કૉલેજમાં ભરી દે. આખરે એ દાક્તર થયો. ધર્મપ્રચારકની પદવી પણ એણે મેળવી.

ધર્મના પ્રચાર માટે એને આફ્રિકા જવાનો હુકમ થયો. એ તો એને ગમતું કામ હતું. એ તો તૈયાર થઈ ગયો. દરિયાની સફર શરૂ થઈ. અઠ્ઠાવીશ દિવસે એ લંડનથી કેપટાઉન પહોંચી ગયો. પછી શરૂ થઈ જમીનની આકરી મુસાફરી. જંગલનો મારગ, ગીચ ઝાડી, અજાણ્યો મુલક, અજાણ્યા ઘાતકી જંગલી લોકોની વચમાંથી પસાર થયા વિના છૂટકો નહિ.

આખરે એ સાહસિક પહોંચી ગયો. લેપેલોલે નામના ગામમાં. અહીં એને ધર્મનો પ્રચાર કરવાનો હતો. દાક્તર તરીકે લોકોની સેવા કરવાની હતી. અહીં વસતા આફ્રિકન જંગલી કહેવાતા. એમની એણે સેવા કરવાની હતી.

એણે એક આફ્રિકન નોકર રાખી લીધો. અહીંના લોકોમાં એમના જેવા જ થઈ ભળી જવા એણે ધાર્યું; પણ અહીંના લોકોએ ધાર્યું કે આ ગોરો કાળાઓને હેરાન કરવા આવ્યો છે. એ લોકો હથિયાર લઈ એને મારવા તૈયાર થયા. ગામનો મુખી હતો બૂબી. ગોરાએ મુખીને સલામ કરી. અહીં સુધી આવતાં આવતાં શીખેલી તૂટીફૂટી દેશી ભાષામાં એણે મુખીને સમજાવી દીધું : 'હું તો તમારો ભાઈબંધ છું.'

લોકો અને મુખી સમજી ગયા ને શરમાયા. ગોરાએ કાળાઓનાં મન જીતી લીધાં. ઉપદેશ અને સારવારનું કામ શરૂ કરી દીધું.

એનું નામ હતું ડેવિડ લિવિન્ગસ્ટન.

એ ગામમાં લોકોને સિંહનો બહુ ત્રાસ, પશુઓને, માણસોને ઉપાડી જાય, મારી નાંખે; રાતે પશુ કે માણસ અચાનક ગુમ થઈ જાય. ભોળા ગામડિયા કહે કે આ તો જાદુ છે.

ડેવિડ બધાંને સમજાવે : 'આ કંઈ જાદુ નથી. સિંહ બધાંને ઉપાડી જાય છે.'

ડેવિડે શિકારીઓને તૈયાર કર્યા. એક ટેકરી હતી. ટેકરી પર ગીચ ઝાડી હતી. એ ઝાડીમાં સિંહ છુપાઈ રહેતા. ડેવિડે શિકારીઓની મદદથી ટેકરી આખી ઘેરી લીધી. ને પછી બંદૂકના ભડાકા થતા ગયા. ડેવિડનું કોઈ નિશાન ખાલી ન ગયું. ત્રણ–ચાર કાળા શિકારીઓ ઘવાયા, તે દિવસથી લોકોને સુખ થયું. પશુઓ નિરાંતે ચરતાં થયાં. ગામમાંથી હવે કોઈ ગુમ શાનું થાય ?

આ કામ વખતે ઘવાયેલા ડેવિડની લોકોએ બહુ સારવાર કરી. અંતે તે સાજો થયો. તે જ વરસે મેરી સાથે તેનું લગ્ન થયું. પત્નીની સહાયથી એનું સેવા સારવારનું કામ પૂરજોશમાં ચાલતું હતું.

એક વાર દુકાળની ભારે આફત આવી.

ડેવિડે  લોકોને સમજણ આપી. નદીકિનારે જમીન રસાળ હોય. ડેવિડને ભરોસે લોકો ત્યાં જઈને વસી ગયા; પણ નસીબ બે ડગલાં આગળને આગળ. બીજે વરસે ત્યાં વરસાદ ન થયો. ને બધાને જાણ થઈ કે સો માઈલ દૂરની ભૂમિ પર વરસાદ થયો છે.

ડેવિડ પર ભૂવાઓને ખૂબ દાઝ.

ડેવિડને લીધે તેમનો ધંધો પડી ભાંગેલો.

બધા ભૂવાઓ કહે : 'સો માઈલ દૂર વરસાદ થયો. અહીં ન થયો. એ બધું પાપ ડેવિડનું.'

લોકો ભૂખે મરતા હતા. ફાવે તે ખાતા હતા. ડેવિડને પણ તીડ, ઈયળ, દેડકાં ખાધા વિના છૂટકો ન થયો. લોકોએ એકબીજા સાથે લડવાનું શરૂ કર્યું. ડેવિડે અહીંથી ચાલી જવાનો વિચાર કર્યો.

એક–બે સાથીદારો સાથે ડેવિડે મુસાફરી શરૂ કરી. વેરાન રણની મુસાફરી શરૂ થઈ. એ કપરી મુસાફરીમાં જ મેરીએ દીકરાને જન્મ દીધો.

ડેવિડે દીકરાની સાથે મેરીને લંડન પાછી મોકલી આપી.

આફ્રિકામાં ગુલામોનો વેપાર ચાલે. માણસ માણસને પશુની જેમ વેચે. માણસ માણસને ખરીદે. માણસ માણસની પાસે કાળી મજૂરી કરાવે, ઢોરની જેમ જીવતા રાખે, જુલમ કરે. ડેવિડને થયું : આ વેપાર બંધ કરાવવો જોઈએ. ગુલામીમાંથી લોકોને છોડાવવા જોઈએ.

મુસાફરી કરતાં કરતાં ઠેર ઠેર એને થોભવું પડતું. એક ઠેકાણે મહિનોમાસ રહેવું પડતું. પછી ફરી આગળ વધવાનું થતું. જાતજાતની મુશ્કેલીઓનો હસીને સામનો કરવો પડતો.

એક નદી ઓળંગતાં તો એને એટલી બધી મુસીબત નડી કે ન પૂછો વાત. નદીમાં વિકરાળ જળઘોડા. કેટલાક સાથીઓ જળઘોડાના પંજામાં સપડાયા. સાથીઓ આફ્રિકનો હતા. તે પણ કેટલીક મુસીબત ખડી કરતા. ડેવિડ પોતે પણ માંદો પડી જતો. છતાં એ હિંમત હાર્યો નહિ. આગળ ને આગળ એ વધતો જ ગયો. દુનિયાનો મોટો ધોધ એની નજરે ચડી ગયો. એનું નામ એણે જ પાડી દીધું, 'વિક્ટોરિયા ધોધ.'

આમ વરસો સુધી એને રખડવાનું થયું, રઝળવાનું થયું. લોકોને સુધારવાનું કામ કરવાનું થયું. લોકોની સેવા સારવાર કરવાની એને તક મળી. તેણે વરસો સુધી પોતાને સોંપાયેલી ફરજ બરાબર બજાવી.

આખરે વતન આવતાં તેને આનંદ થયો. પત્ની ને સંતાનને મળી શકાયું. પિતાનું મરણ થયું હતું. લંડનના લોકોએ તેની સેવાને વધાવી લીધી. તેને માનપાન દીધાં.

લંડનના લોકોને એક વાતની બહુ નવાઈ લાગી; ડેવિડ અંગ્રેજી ભાષા લગભગ ભૂલી ગયો હતો. ડેવિડને મોટી મોટી પદવીઓ મળી. લોકોએ તેના કામની કદર કરી. રાજકુટુંબે પણ તેને અસાધારણ માનપાન-સન્માન દીધાં. આ બધું તેને ગમતું નહિ.



ડેવિડે પોતાના પ્રવાસની એક સરસ ચોપડી લખી. તે ચોપડી બહુ પંકાઈ ગઈ.

ડેવિડને બે વરસ લંડન રહેવાનું થયું. પણ પછી એને કંટાળો આવતો ગયો. એ હતો સાહસ અને સેવાનો જીવ. ફરીથી સફરે જવાનું એને મન થયું. સરકારે એને માગી તે બધી સહાય આપી. પોતાના નાના દીકરાને પણ સાથે લઈને સરકારે આપેલી આગબોટમાં સફરે ઊપડવાની એણે તૈયારી કરી. રાણી વિક્ટોરિયાએ એને માન આપી એની સેવાઓને બિરદાવી. મોટો સમારંભ ગોઠવાયો.

અને એક દિવસ ફરીથી ડેવિડ અને તેના કુટુંબની સફર શરૂ થઈ.

ફરીથી ડેવિડ કેપટાઉન પહોંચી ગયો; પણ ત્યાં તો આફત આવી. પત્ની મેરી માંદી પડી ગઈ. ડેવિડે તેને પાછી લંડન મોકલી આપી.

થોડા દિવસમાં જ એ બધા ઝાંબેસી નદીના મુખ આગળ આવી ગયા. અહીંથી જ ડેવિડની ખરી કામગીરી શરૂ થતી હતી. સરકારે એને બહુ મોટી કામગીરી સોંપી હતી. એને ઝાંબેસી નદીનો મારગ શોધવાનો હતો; પણ આફત પર આફત આવવા લાગી. આગબોટ વારે વારે ખોટવાઈ જવા લાગી. કુદરત પણ અનુકૂળ ન જણાઈ.

આખરે સોંપાયેલું કામ તો ન થયું. ડેવિડે આશા પણ છોડી દીધી. એણે શિરે નામની નદીનું મૂળ શોધવા માટે આગબોટનું સુકાન ફેરવી લીધું.

કાળાઓ કહેતા હતા : ‘એ નદીનું મૂળ એક મોટા સરોવરમાં છે.’ પણ એ વિશે કોઈ કશું જ જાણતું ન હતું.

ચીબીસા નામના આફ્રિકન મુખીને ડેવિડ મળ્યો. બે ગોરાઓને આગબોટ સોંપી. થોડાક બહાદુર સાથીઓને લઈને એણે પગપાળા સાહસની સફર શરૂ કરી.

નેમ તો હતી ન્યાસા સરોવર શોધવાની. પગપાળા આગળ વધતા ગયા. કાળા સાથીઓનો બહુ સહકાર નહિ. કેટલાક વારંવાર માંદા પડી જાય. જાતજાતની અણધારી આફત આવી પડે. એ બધા પડકારો ઝીલી લઈને ડેવિડે આખરે એક નાનકડા સરોવરની શોધ કરી. એનું નામ જ શિરવા. અહીંથી એ સાહસ પડતું મુકાયું.

ડેવિડે બે-ત્રણ માસ પછી ફરી ન્યાસા સરોવર શોધવાનો આરંભ કર્યો. ડેવિડનો કાફલો આગળ ને આગળ વધતો ગયો. એ પ્રદેશમાં ગુલામોનો વેપાર પૂરજોશમાં ચાલતો હતો. બે-ત્રણ માસની ભારે જહેમત પછી આખરે ન્યાસા સરોવરની શોધ પૂરી કરી. એના હરખનો પાર ન રહે એમાં શી નવાઈ ?

ત્યાંથી પાછા વળતાં આગ બોટને ભારે નુકસાન થયું. આગબોટ નકામી થઈ ગઈ. એક માણસને ખાસ લંડન મોકલી નવું જહાજ મંગાવવું પડયું.

ડેવિડે બીજે વરસે વિક્ટોરિયા ધોધની મોજણી કરી. દુનિયામાં પહેલા નંબરના એ ધોધની શોધે ડેવિડને મશહૂર બનાવી દીધો.

વરસને અંતે નવી આગબોટઆવી – ડેવિડને હજુ આ અંધારિયા ખંડમાં ઘણી શોધખોળ કરવી હતી. એણે બળથી ને કળથી કેટલાક ગુલામોને છોડાવવાની પણ કામગીરી બજાવી. એ જ માસમાં આગળ વધતાં આગબોટમાં એની પત્ની મેરીને ગંભીર માંદગી આવી પડી. મેરીને બચાવી શકાઈ નહિ. એ અજાણ્યા મુલકમાં મેરીની દફનવિધિ થઈ.

પછી ડેવિડે આફ્રિકાથી ભારત જવાનો દરિયાઈ માર્ગ શોધવાનો મનસૂબો કર્યો. આગબોટ નાની, હજારો માઈલની સફર. બરાબર દોઢ મહિને અનેક આફતોનો સામનો કરતી આગબોટ મુંબઈ પહોંચી.

ત્યારબાદ ડેવિડ લંડન ગયો. લંડનના લોકો અને સરકારે એને બહુ માન દીધું. લંડનમાં રહીને એણે પોતાના પ્રવાસની બીજી ચોપડી લખી.

લંડનના લોકોને અને સરકારને તેણે ગુલામોની યાતના વિશે વાતો કરી. એ પ્રથા બંધ કરાવવા તેણે સરકારને આજીજી કરી.

એવામાં એક સંસ્થાએ ડેવિડને વિનંતી કરી : ‘તમે પાછા આફ્રિકા જાઓ. કોંગો નદીનું મૂળ શોધી કાઢો. અને તમને મદદ કરીશું.’ ડેવિડને આ વાત ગમી ગઈ.

ડેવિડ ફરી આફ્રિકા પહોંચી ગયો.

ગુલામીની પ્રથા બંધ કરાવવા એણે થાય તે બધું કર્યું. સુધરેલી દુનિયાને એ વિશે સાચી માહિતી પહોંચાડી. બાકીનું જીવન એણે એ જ કામ કર્યું.

અંતે આફ્રિકાની ભૂમિ પર એ બિછાને પડયો. જીવનભરની મહેનતથી એનું શરીર કથળી ગયું હતું. બે કાળા એની ચાકરી કરતા હતા.

એક પરોઢિયે એક નોકરે બીજાને જગાડીને ખબર આપી : ‘જરા જો તો – ડેવિડ સાહેબને શું થયું છે ?’ બેઉ તેની પાસે દોડી ગયા. અંદર જઈને જોયું તો દીવાના ઝાંખા અજવાળામાં ડેવિડના બેઉ હાથ જાણે પ્રાર્થનામાં જોડાયેલા જણાયા, પણ એના શ્વાસ થંભી ગયા હતા.

ડેવિડનું શબ લોઢાની પેટીમાં મૂક્યું. ઝૂંપડીથી થોડેક દૂરના એક ઝાડ નીચે એ પેટી મૂકવામાં આવી. ઝાડ પર કોતરવામાં આવ્યું :

ડેવિડ વિલિન્ગસ્ટન. મે ૪, ૧૮૮૩.

થોડા દિવસમાં જ ડેવિડનું શબ લંડન પહોંચતું કરાયું. ૧૮મી એપ્રિલનો એ દિવસ હતો. તે દિવસે આખા દેશમાં શોક જાહેર થયો.

વેસ્ટ મિન્સ્ટરએબેમાં ડેવિડની માનપૂર્વક દફન વિધિ થઈ.

પછી થોડા જ મહિનામાં સરકારે ગુલામોના વેપાર માટે સખત કાયદા કર્યા. જીવનભર કાળાઓની સેવા કરનાર આ ગોરાનું માનવતાના ઇતિહાસમાં નામ અમર થઈ ગયું.

■